**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૬ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૦ ટકા



ગુજરાત વિવિધ પારંપારિક કળા-કારીગરી અને આગવી શૈલીઓના વારસાથી સમૃદ્ધ છે. ગુજરાતના વનવાસીઓની વારલી ચિત્ર કળા જગમશહૂર છે અને તેનો ઉપયોગ ફેશન ડિઝાઈનીંગ, ઈંટિરિયર ડેકોરેશન તેમજ વિવિધ ક્ષેત્રે થઈ રહ્યો છે. ગાંધીનગરના ડૉ. વિશ્રાંતિ ત્રિવેદીએ પોતાના ઘરની બહાર વારલી કળાની શૈલીના ચિત્રો દોરીને કરેલી ઘર સજાવટ અહીંથી પસાર થતાં શહેરીજનોને આકર્ષી રહી છે.

## આજે વાવોલની વૈદેહી-૨ સોસાસટી ખાતે રસીકરણ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં કોરોના વાયરસ સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. જેને નાથવા શહેરમાં રસીકરણ પણ વધારવામાં આવ્યું છે. ગાંધીનગરના વાવોલ ખાતે વૈદેહી-૨ સોસાયટીમાં તા. ૨૨મી માર્ચ સોમવારના રોજ બપોરે ૨ થી સાંજના ૫ સુધી કોરોના વિરોધી રસીકરણનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૬૦ વર્ષથી વધુ વયના લાભાર્થીઓ તેમજ ૪૫ થી ૫૯ વયના મોટી બીમારી જેવી કે હાઈબીપી, ડાયાબીટીશ, કિડનીના રોગો કે કેન્સર ધરાવતા દર્દીઓને રસીકરણનો લાભ આપવામાં આવશે જેથી તેમણે પોતાની સારવારની ફાઈલ તથા દવાઓ સાથે લઈને આવવાની રહેશે. રસી લેવા આવનાર તમામ લાભાર્થીઓએ પોતાનું આધારકાર્ડ-વોટરઆઈડી કે કેવાયસી સાથે લઈને આવવાનું રહેશે.

## મહાનગર ભાજપ દ્વારા તમામ વોર્ડના કાર્યકરોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગર ભાજપ મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, રાજય ચૂંટણી પંચ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી ૧૮ એપ્રિલે યોજવાની જાહેરાત કરવામાં આવી છે મનપાની ચૂંટણીના સંદર્ભમાં પ્રદેશ ભાજપ દ્વારા સિનિયર કેબિનેટ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ મહામંત્રીશ્રી રજની પટેલ અને પૂર્વ પ્રદેશ મંત્રીશ્રી અમિત ઠાકરને મનપાની ચૂંટણીના ઈન્ચાર્જ તરીકેની જવાબદારી સોંપાઈ છે ત્યારે શહેર ભાજપનું સંગઠન ચૂંટણી માટે સજ્જ છે.



કોઈપણ પ્રકારની ચૂંટણી હોય ભાજપા દ્વારા સંગઠનલક્ષી અને ચૂંટણીલક્ષી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે તેના ભાગરૂપે ૨૦ માર્ચના રોજ ચૂંટણી ઈન્ચાર્જશ્રીઓ પ્રદેશ મહામંત્રીશ્રી રજની પટેલ અને પૂર્વ પ્રદેશ મંત્રીશ્રી અમિત ઠાકરે વોર્ડ નં. ૧ થી ૫માં આગામી આયોજન અંગે ચર્ચા વિચારણા કરવા તેમજ સંગઠનાત્મક વ્યવસ્થાઓના અનુસંધાને વોર્ડના પદાધિકારીઓ, અગ્રણીશ્રીઓ, ચૂંટાયેલા સભ્યો, સક્રિય કાર્યકર્તાઓ બુથનાં પ્રમુખો, કાર્યકર્તાઓ સાથે ચૂંટણીલક્ષી બેઠક યોજી જરુરી માર્ગદર્શન આપ્યું હતું. બંને મહાનુભાવોએ કાર્યકર્તાઓની મહેનત અને જનતાના સાથ સહકારથી આગામી ચૂંટણીમાં ભાજપાના ભવ્ય વિજયનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ બેઠકોમાં મેયર રીટાબેન પટેલ, મહાનગરના પ્રમુખ ઋચિર ભટ્ટ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગૌરાંગભાઈ પટેલ તેમજ શહેર સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વોર્ડ નં. ૬ થી ૧૧માં પ્રદેશ ઈન્ચાર્જશ્રીઓની ઉપસ્થિતિમાં વોર્ડ સઃ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.



ઉનાળાના પ્રારંભે પશુ પક્ષીઓને પીવાના પાણીની ખૂબ જ તકલીફ પડે છે. પાણીના કુદરતી સ્ત્રોતો સુકાઈ જતા હોવાથી પંખીઓને પાણી માટે દૂર દૂર સુધી જવું પડે છે. અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ૧૯૯૧થી ચકલોડિયા વિતરણની સેવા કરવામાં આવે છે. અરૂણોદય સેવા ટ્રસ્ટના અરૂણભાઈ બુચ અન ચેતના બુચ દ્વારા ઉનાળાના પ્રારંભે ચકલોડિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઈન્દ્રોડાના અસરગ્રસ્તોનું ઉપવાસ આંદોલન





ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર વિસ્તારમાં સમાવિષ્ટ સાત ગામોના ગ્રામજનો જેમને હજુ પણ મળવાપાત્ર લાભોથી વંચિત રખાયા છે અને વારંવાર સરકારમાં ઉચ્ચ સ્તર સુધી રજૂઆતો કરવા છતાં તેમના પ્રશ્નોનો ઉકેલ આવતો ના હોવાથી અસરગ્રસ્ત ગ્રાજમનોએ વારાફરથી ઉપવાસ કરવાનું આંદોલન હાથ ધર્યુ છે જે અંતર્ગત ઈન્દ્રોડા ગામના પુરુષ-મહિલાઓ મળીને ૩૧ અસરગ્રસ્તો ઉપવાસ પર બેઠા હતા. આ પ્રસંગે અસરગ્રસ્ત વસાહત મહામંડળના આગેવાનો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ બેનરો સાથે સુત્રોચ્ચાર સાથે દેખાવો કર્યા હતા. હવે આગામી દિવસોમાં પાલજ તથા બાસણ ગામના અસરગ્રસ્ત ગ્રામજનો ઉપવાસ પર ઉતરશે.

# આવતીકાલે રાષ્ટ્રીય શહિદ દિને રકતદાન શિબિર યોજાશે

**સે-૨૮ બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે શિક્ષણમંત્રી મંગલ પ્રારંભ કરાવશે : સમગ્ર દેશમાં ૨૮ રાજયો, ૮ સંઘ પ્રદેશો, ૧૫૦૦ સ્થળોએ ૯૦૦૦૦ જેટલા બ્લડયુનિટ ઉભા કરવામાં આવશે અને તેવી રીતે આ ગીનીઝ વર્લ્ડ બુકમાં તેની નોંધણી થશે**

ગાંધીનગર, તા.૨૧

નેશનલ ઈન્ટીગ્રેટેડ ફોરમ ઓફ આર્ટીસ્ટ એન્ડ એક્ટીવીસ્ટ તથા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૮ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય શહીદ દીન, તા. ૨૩-૦૩-૨૦૨૧, મંગળવાર સવારે ૭.૦૦ ક્લાકે 'સંવેદના' નામક્ 'રાષ્ટ્રવાદી રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે.

સમગ્ર દેશમાં ૧૫૦૦ બ્લડ ડોનેશન કેમ્પ યોજવાના છે જેનું દિલ્લી ખાતે ઉદ્‌ઘાટન આદરણીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી કરવાના છે.

બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮ ખાતે યોજાનારા આ બ્લડ ડોનેશન કેમ્પનું ઉદ્‌ઘાટન માનનીય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા કરશે. આ પ્રસંગે ગુજરાત રાજ્યનાં પૂર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલ તથા રાષ્ટ્રીય યુવા અગ્રણી માનનીય અમીતભાઈ ઠાકર, મેયર રીટાબેન પટેલ તથા સામાજીક અગ્રણી માનનીય રૂચીરભાઈ ભટ્ટ, નેશનલ ઈન્ટીગ્રેટેડ ફોરમ ઓફ આર્ટીસ્ટ એન્ડ એક્ટીવીસ્ટના ગુજરાત પ્રમુખ સંજીવ મહેતા ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, બરખાબેન જહા, પ્રવિણાબેન સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આર્શીવચન બ્રહ્માકુમારીઝ, સે. ૨૮ના સંચાલિકા રાજયોગીની બી.કે. કૈલાશ દીદી પાઠવશે.

સમગ્ર દેશમાં ૧૫૦૦ બ્લડ ડોનેશન કેમ્પ યોજાવાના છે જેનું ઉદ્‌ઘાટન દિલ્હી ખાતે આદરણીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી કરવાના છે.

બ્રહ્માકુમારીઝ સેક્ટર-૨૮ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં ઈન્ડીયન રેડક્રોસ, ગાંધીનગર જિલ્લો, નેશનલ ઈન્ટીગ્રેટેડ મેડીકલ એસોશીએશન, યુવા દિશા કેન્દ્ર, રોટરી ક્લબ ઓફ કેપિટલ - ગાંધીનગર, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ, સંસ્કૃતિ સંસ્થા વગેરે જોડાયેલી છે. સવારે ૭ થી બપોરે ૨ ક્લાક સુધી યોજાનારા આ બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કરવા બી.કે. કૈલાશ દીદીએ આહ્‌વાન કર્યુ છે.

### સે-૭માં ભારતમાતાના મંદિરે પણ રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગરમાં રાષ્ટ્રીય શહિદ દિન તા. ૨૩મી માર્ચે ડૉ. શ્રી હેડગેવાર સ્મારક સેવા સમિતિ દ્વારા સેકટર-૭માં ભારત માતા મંદિર ખાતે સવારે ૮ થી ૧૧ દરમિયાન પણ સામુહિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિરમાં ભાગ લેવા માટે દિલીપ તેવાણીનો મો.નં. ૯૭૧૨૪૨૧૬૭૮ પર સંપર્ક સાધી શકાશે. આ કેમ્પમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકની ટીમ રકત એકત્ર કરવાની સેવા આપશે.

# પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા પાણીના કુંડાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના પર્યાવરણ તથા જીવદયા પ્રેમી યુવા સ્વયંસેવકોની સંસ્થા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા રવિવારની બપોરે ૧૭/૨૨ પાસે જૈન દેરાસર સામે પક્ષીઓ માટે પીવાના પાણીના માટીના ૨૦૦૦ કુંડાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ દરમિયાન હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી ચકલીઘર પણ સાથે આપવામાં આવ્યા હતા. તેમજ શહેરમાં જીવદયા સેવાક્ષેત્રે કાર્યરત બે યુવા સેવાભાવીઓ લાભુભાઈ દેસાઈ અને અમિત ગોંડને 'હેપ્પી સ્પેરોવીક' અંતર્ગત 'ચકલી મિત્ર' ના બિરૂદથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શહેરમાં અબોલ પ્રાણીઓ પક્ષીઓ માટે પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા પ્રસંશનીય સેવાઓ આપવામાં આવી રહી છે જેને ઉપસ્થિત નગરજનો દ્વારા બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે માજી મેયર પ્રવિણભાઈ પટેલ, ચીફ ફાયર ઓફિસર મહેશભાઈ મોડ, રાજકોટ વનવિભાગના સી.એફ. અશ્વિનભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગ પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના તેજસ ગામિત તથા તેમની ટીમ દ્વારા જનતાને અબોલ પશુ પક્ષીઓ માટે પાણીના કુંડા મુકવા અપીલ કરવામાં આવી છે. જેથી ઉનાળામાં તેમને મોતને ભેટતા અટકાવી શકાય.





## જન્મદિને વધામણી



પલ્લવીબેન ત્રિવેદી



તેજસ ગામીત
પ્રકૃતિ યુવા સંગઠન
મો. ૭૮૭૪૦ ૦૮૭૮૮

## જીઈબીના કર્મચારીએ કેન્સરની બિમારીથી જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલી જીઈબી કોલોની ખાતે રહેતા કર્મચારીએ કેન્સરની બિમારીથી કંટાળી ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

સુત્રો પાસેથી મળથી વિગત મુજબ ગાંધીનગર જીઈબી કોલોની ખાતે રહેતા અનિલસિંહ રાણા (મકાન નં.૪-૨ ટાઈપ-૪ ) હેલ્પર તરીકે કાયમી ફરજ બજાવતા હતા. અનિલસિંહને પરિવારમાં પત્ની અને બે દિકરીઓ છે. જયારે એક વર્ષ પહેલા અનિલસિંહને મોઢાના ભાગે કેન્સરનું નિદાન થયુ હતુ. પરિવારના સભ્યોએ અનેક ડોકટર્સને સારવાર માટે બતાવતા તેઓને ઓપરેશન કરાવવા માટે કહેવાયું હતું. પરંતુ અનિલસિંહ છેલ્લા ઘણા સમયથી આર્યુવેદિક દવા લેતા હતા. આ બધા વચ્ચે મોઢાના ભાગે કેન્સરને પગલે તેઓ જમી શકતા ન હતા અને પ્રવાહીના સહારે રહેવુ પડતુ હતુ. જેથી નાસીપાસ થઈ ગયેલા અનિલસિંહ કેટલાક સમયથી કંટાળી ગયા હતા. જયારે તેમની મોટી દિકરીની સગાઈની વાત ચાલતી હોવાથી બે દિકરી અને પત્ની બજારમાં ખરીદી માટે ગયા હતા. તે સમયે ઘરમાં એકલા રહેલા અનિલસિંહે ઘરમાં જ પંખે દોરી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતું. પેથાપુર બજારથી ખરીદી કરીને પરિવારના સભ્યો ઘરે પરત ફર્યા ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો હતો. ઘરમાં બીજા રૂમમાં અનિલસિંહનો મૃતદેહ લટકતો જોઈને પરિવારના સભ્યો પર આભ તુટી પડ્યું હતું. પત્ની અને દિકરીઓના હૈયાફાટ રૂદનથી પાડોશીઓ પણ દોડી આવ્યા હતા. જયારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ અકસ્માતે મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. રાણા રતનસિંહ જીલુસિંહ** ઉ.વ. ૪૭, નવાગામ, પીંપળજ
- **સ્વ. બિહોલા શોભારબેન જીલુજી** ઉ.વ. ૬૯, પાલજ
- **સ્વ. યાદવ જયશ્રીબેન હકીમસિંહ** ઉ.વ. ૫૪, સે-૧૫, ફતેપુરા
- **સ્વ. પટેલ સુનીતાબેન રાજેશકુમાર** ઉ.વ. ૪૬, શાહીબાગ, અમદાવાદ
- **સ્વ. રબારી લીલાબેન બાબુભાઈ** ઉ.વ. ૬૧, પેથાપુર
- **સ્વ. જાદવ સોમાભાઈ રણછોડભાઈ** ઉ.વ. ૮૨, ડભોડા
- **સ્વ. વાઘેલા દિવાબેન રમેશભાઈ** ઉ.વ. ૫૯, સેકટર-૨૪
- **સ્વ. નડિયાપર વનેશ માવજીભાઈ** ઉ.વ. ૫૫, મકનસર, મોરબી
- **સ્વ. શાહ નલિનકાન્ત ભોગીલાલ** ઉ.વ. ૮૫, સેકટર-૨૨
- **સ્વ. પંચાલ ગંગાબેન ભલુભાઈ** ઉ.વ. ૭૫, વાવોલ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- **સ્વ. સોલંકી મણીલાલ રતિલાલ** ઉ.વ. ૭૧, ચાંદખેડા, અમદાવાદ
- **સ્વ. ચૌધરી શૈલકુમારી ઉમાકાન્ત** ઉ.વ. ૭૩, કુડાસણ

# કોરોના સંક્રમણની એનિવર્સરીએ 'કોરોના રીટર્ન્સ'ની ડરામણી સ્થિતિ...!

## કોરોનાની બીજી લહેરથી ગુજરાતમાં ફરી એકવાર કેસો ચાર આંકડામાં પહોંચ્યા : લોકડાઉન જેવા જોખમી વિકલ્પોથી બચતી સરકારે નવા ઉપાયો શોધવા અત્યંત જરૂરી : રસીકરણ સાથે રાજકારણીઓનું વર્તન પણ જવાબદારીભર્યું બને તે ઈચ્છનીય

ગાંધીનગર, તા.૨૧

આજે પણ એ દિવસ યાદ આવે છે, બરાબર એક વર્ષ પહેલા તા. ૨૪મી માર્ચ ૨૦૨૦ના રોજ રાત્રે ૮ કલાકે વડાપ્રધાન નરન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગ સંબોધન કરીને ૨૧ દિવસના દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી હતી અને તે અંતર્ગત તા. ૨૫મી માર્ચથી દેશભરમાં લોકડાઉન લાગુ પડી જવા પામ્યું હતું. જેની સમયાંતરે અવધિ વધારતા રહીને એક લાંબા સમય સુધી દેશની મોટાભાગની આર્થિક અને સામાજિક ગતિવિધીઓને અટકાવી દેવામાં આવી હતી. આ કરવા પાછળનું ગણિત માત્ર અને માત્ર કોરોના વાયરસના સંક્રમણની ચેઈનને તોડવા અંગેનું હતું પરંતુ આજે લોકડાઉનના આરંભની પ્રથમ વરસીએ સ્થિતિ જોઈએ તો ફરી દેશભરમાં કોરોના સંક્રમણની દ્વિતિય લહેર શરૂ થઈ ચુકી છે અને ચોવીસ કલાલમાં ૪૦ હજાર જેટલાં કેસ નોંધાય તેવી ઘટના ફરીથી સર્જાતા દેશભરમાં ચિંતાનું મોજુ પ્રસરવા પામ્યું છે. ગુજરાતમાં પણ કોરોના સંક્રમણ બાબતે દિવાળી પછી સર્જાયેલી ચિંતાજનક સ્થિતિમાંથી ખૂબ જ રાહતજનક સ્થિતિ જાન્યુઆરી-ફેબ્રુઆરી માસ દરમિયાન અનુભવાઈ હતી પરંતુ માર્ચમાં ફરી એકાએક ચિત્ર બદલાઈ જવા પામ્યું છે જેનો દોષ હાલ તો ચુંટણીઓ તથા ક્રિકેટ મેચના





આયોજનોને પગલે રાજય સરકારના માથે ઢોળવામાં આવી રહ્યો છે જેને સત્તાધીશો સ્વીકારવા તૈયાર નથી.

ગુજરાતમાં જયારે રાહતની સ્થિતિ સર્જાઈ હતી ત્યારે જ સ્થાનિક સ્વરાજયની અને મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓની ચુંટણીઓ યોજાતા સત્તાપક્ષ સહિત રાજકીય પક્ષોએ કોવિડ૧૯ની ગાઈડલાઈનના ધજાગરા ઉડાડવામાં કોઈ જ કમી રાખી નહોતી તે વરવી હકીકત છે. ચુંટણી પ્રચાર દરમિયાન રેલીઓ-સભા-સરઘસો અને રોડ શૉ ઉપરાંત ભોજન સમારંભો જેવા નાગરિકોની ઝટ આંખે ચઢે તેવા આયોજનો કરે રાખ્યાં અને સિફતપૂર્વક અખબારી માધ્યમોથી માંડીને સોશ્યલ મિડીયા સુધી વિવિધ રીતે પ્રગટ થતો રોષ અને ચિંતાને અવગણે રાખવામાં નેતાઓએ કોઈ કસર છોડી નથી. કેન્દ્રમાં અને રાજયમાં જેમની સત્તા છે તેવા પક્ષના વડાપ્રધાન દ્વારા કોવિડ ગાઈડલાઈન અંગે રાખવામાં આવતી ચેતવણીઓ અંગે એક સમયે નાગરિકોને એવું અનુભવાતું હતું કે મંત્રીઓ તથા સ્થાનિક નેતાઓ તેમની વાતને ગંભીરતાથી લેવામાં ચૂક કરે છે પરંતુ રાજયમાં યોજાયેલી અને અત્યારે જે રાજયમાં યોજાઈ રહી છે તે ચુંટણીઓ દરમિયાન પ્રતિત થઈ રહ્યું છે કે વડાપ્રધાન પણ આંખ આડા કાન તો નથી કરી રહ્યાં ને? કે પછી રસીકરણ અભિયાનના ચાલી રહેલા વેગવંતા કાર્યના ભરોસે જોખમ લઈ રહ્યા છે? વળી ગુજરાતમાં અમદાવાદ ખાતે યોજાયેલી ભારત-ઈંગ્લેન્ડની ક્રિકેટ મેચ દરમિયાન પણ ચુંટણી પ્રચાર જેવી જ બેદરકારી જોવા મળતા હવે નાગરિકોની આ શંકા બળવત્તર બનતી જાય છે. આ સમયે એ યાદ રાખવું જરૂરી છે કે ફ્રાન્સ, ઈટાલી જેવા યુરોપિયન દેશોથી માંડીને અમેરિકામાં પણ કોરોના સંક્રમણની બીજી લહેર ઘાતક સાબિત થઈ છે.





છેલ્લા સાતેક દિવસમાં જ કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં ૩૯ ટકાનો વધારો નોંધાય છે જેમાં દૈનિક ૧૦ ટકાનો ડરાણો વધારો જોવા મળી રહ્યો છે. આજે એટલે કે તા. ૨૧મી માર્ચે ફરી એ સ્થિતિ છે જયારે ગુજરાતમાં દૈનિક કોરોના કેસો ચાર આંકડામાં નોંધાવા લાગ્યા છે. જેનો આજનો આંકડો ૧૫૮૦ છે આજે ગુજરાતમાં એકિટવ કેસો ૭૩૨૧ થઈ ગયા છે અને અત્યાર સુધીમાં રાજયમાં ૪૪૫૦ દર્દીઓના કોરોનાને કારણે મોત થઈ ચુકયા છે. આ સરકારી આંકડા છે પરંતુ વાસ્તવિક સ્થિતિ આના કરતાં પણ વધુ ચિંતાજનક છે તે સાવ સામાન્ય માનવી પણ સારી પેઠે જાણે છે. સમગ્ર વિશ્વની વાત કરીએ તો એક વર્ષમાં ૨૦.૭ લાખ વ્યકિતઓ કોરોના વાયરસના ખપ્પરમાં હોમાઈ ચુકયા છે અને ડેન્માર્કમાં થયેલા એક અભ્યાસ અનુસાર વેકિસનની ઈમ્યુનિટી સરેરાશ છ માસ સુધી અસરકારક રહે છે અને ૬૫ વર્ષથી ઉપરની વ્યકિતઓ માટે તે ઓછી અસરકારક સાબિત થઈ છે, મતલબ કે વૃધ્ધોમાં એન્ટીબોડી બનવાની માત્રા ઓછી જોવા મળી રહી છે. ડેન્માર્કમાં બીજી લહેરના અભ્યાસમાં જોવા મળ્યું છે કે ૬૫થી વધુ વયના નાગરિકોમાં ફરી કોરોના સંક્રમણ લાગુ પડવાનું જોખમ ૫૦ ટકા જેટલું છે. દેશ દુનિયામાં જે પણ સ્થિતિ સર્જાઈ હોય પરંતુ ગુજરાતમાં રાજય સરકાર જે રીતે પોતાનો બચાવ કરી રહી છે તે સંપૂર્ણ સ્વીકાર્ય તો નથી જ કેમ કે દેશમાં એવા પણ ઘણા સભ્યો છે જયાં કોરોનાની બીજી લહેર નિયંત્રણમાં જોવા મળી રહી છે.

ટૂંકમાં, કોરોનાની બીજી લહેર ઘાતક બની શકે છે પરંતુ તેના માટેના ઉપાયો પણ સરકારે નવેસરથી વિચારવા પડશે કેમ કે હવે ફરી નાગરિકોની બેફિકરાઈનો હવાલો આપીને દોષનો ટોપલો પ્રજા પર ઢોળી દઈ લોકડાઉન કરવાથી મધ્યમ અને ગરીબ વર્ગની જે કમર ભાંગેલી છે તેના પર અસહ્યકારમો ઘા સાબિત થશે અને તે અર્થતંત્રની દુર્દશા પર મૃત્યુ ઘંટ બની શકે છે. રાત્રિ કરફર્યુથી ખરેખર કોરોના સંક્રમણ ઘટે છે કે નહી તેનો અભ્યાસ કર્યા વગર જ તેને થોપી દેવાથી પણ કોઈ ઉકેલ મળવાનો નથી તેથી સરકારે જવાબદારીપૂર્વક નિર્ણય સાથે આચરણ પણ કરવું પડશે. નહીંતર વિશ્વ આરોગ્ય સંસ્થાએ તો ચેતવણી ઉચ્ચારી જ છે કે કોરોનાની બીજી લહેર વધુ ઘાતક સાબિત થઈ શકે છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com